# ઇડીઆઇ તરફથી વિદ્યાર્થીઓને 12.25 લાખનું ફંડીંગ

**નવગુજરાત સમય > અમદાવાદ**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ માઇલસ્ટોન આધારતિ લર્નિંગ એક્ટિવિટીનાં વિજેતાઓને ફંડ પુરુ પાડશે. ઈડીઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ નાં વિદ્યાર્થીઓ માટે માઇલસ્ટોન બેઝ્ડ અભ્યસક્રમ શરૂ કર્યો છે, જે તેમને સફળતાઓ હાંસલ કરવા સક્ષમ બનાવશે તેમજ તેમની ઉદ્યોગસાહસિકતાની સફરમાં પ્રથમ પગથિયા તરીકે કામ કરશે. સળંગ ત્રીજા વર્ષમાં સંસ્થાએ 2015-17નાં પાંચ વિદ્યાર્થીઓને રૂ. 12.25 લાખનું પંડ આપ્યુ છે. અત્યાર સુધી સંસ્થાએ છેલ્લાં ત્રણ વર્ષમાં 12 વિદ્યાર્થીઓને રૂ. 27.25 લાખ પ્રદાન કર્યા છે. સંસ્થા વિદ્યાર્થીઓને વન-ટાઇમ ગ્રાન્ટ સ્વરૂપે ફંડ પ્રદાન કરે છે, જેમણે સફળતાપૂર્વક તેમનાં અભ્યાસ દરમિયાન તમામ માઇલસ્ટોન પૂર્ણ કર્યા હોય છે અને જેમનાં બિઝનેસ આઇડિયા સ્કેલેબલ છે. મોનિલ ગુંજારિયા, યશ બોડાણે, નિકિતા મહેશ્વરી, પૂજા ભાટિયા અને મારિયા કિડાનગાલિલને આ વર્ષે આ ફંડ મળ્યુ છે.

માઇલસ્ટોન-આધારિત શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડો. સુનિલ શુક્લએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ માઇલસ્ટોન-આધારિત શિક્ષણ હેઠળ બોનસ પોઇન્ટ હાંસલ કર્યા પછી કંપની સ્થાપિત કરે તેને સીડ-ગેપ ફંડિંગ તરીકે ગ્રાન્ટ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને ફંડિંગ પરત કરવાની શરત વિના શૈક્ષણિક સહકારના ભાગરૂપે આપવામાં આવે છે. અમને આશા છે કે આ સીડ-ગેપ ગ્રાન્ટ વિદ્યાર્થીઓને નાણાકીય સંસ્થઆઓ પાસેથી વધારે ભંડોળ મેળવવામાં મદદરૂપ થશે." સંસ્થાએ ઉદ્યોગસાહસિકતા સાથે સંબંધિત 26 માઇલસ્ટોન નક્કી કર્યા છે. પ્રોગ્રામ દરમિયાન અભ્યાસ પર આધારિત વિદ્યાર્થીઓને પ્રોગ્રામનાં પ્રથમ વર્ષમાં કેટલાંક માઇલસ્ટોન અને બીજા વર્ષમાં બાકીનાં માઇલસ્ટોન હાંસલ કરવાનાં હોય છે. સંસ્થાએ છેલ્લાં થોડાં વર્ષોમાં 300થી વધારે વિદ્યાર્થીઓને સફળ ઉદ્યોગસાહસિક બનાવવામાં સફળતા મેળવી છે. શિક્ષણનાં આ અભિગમમાં વ્યાવસાયિક યોજનાનો વિચાર કરવાથી લઈને નવી કંપની કેવી રીતે રચવી અને રજિસ્ટર કેવી રીતે કરવી તથા આ ઉદ્યોગસાહસ કેવી રીતે શરૂ કરવું અને માર્કેટિંગ, ફાઇનાન્સ, પ્રોડક્ટ/સર્વિસ ડેવલપમેન્ટ વગેરે વિવિધ કામગીરીનું મેનેજમેન્ટ સામેલ છે.